ફો.પ.અ.નં. ૬૭/૨૨

# <u>આંક ૧ તળે હુકમ</u>

૧) આ કામના અરજદારે જન્મ મરણ નોંધણી અધિનીયમની કલમ ૧૩ (૩) મુજબ કુટુંબીભાઈ વિનોદચંદ્રભાઈની દિકરી સુર્યબાળાનો જન્મ પાટડી મુકામે તા. ૨૦/૯/૧૯૪૬ ના રોજ થયેલ હોય જેઓને અમેરીકામા ગ્રીન કાર્ડ કઢાવવા માટે જન્મના દાખલાની જરૂરીયાત ઉભી થયેલ હોય પાટડી નગરપાલીકા પાસે જન્મ પ્રમાણપત્ર ની માંગણી કરતા જન્મ નોંધાયેલ ન હોય રેકર્ડ કીપરની કચેરી, ધ્રાંગધ્રાનાઓએ જન્મની નોંધણી થયેલ ન હોય લેખિતમા દાખલો આપેલ છે જેથી હાલની અરજી જન્મની નોંધણીનો હુકમ મેળવવા કરેલછે.

૨) અરજદારની અરજી રજીસ્ટરે લઈ સામાવાળા જન્મ મરણ અધિકારીને નોટીસ કાઢવામા આવેલ છે તેમજ જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો કે તકરાર હોય તો તે બાબતે જાહેર નોટીસ દિવ્ય ભાસ્કર વર્તમાનપત્રમા પ્રસિધ્ધ કરવામા આવેલ હતી.

૩) અરજદારે આંક ૯ થી મૌખિક પુરાવો રજુ કરેલ છે જેમા અરજીની હકીકતો જણાવેલ છે તેમજ કુટુંબીભાઈ વિનોદચંદ્રભાઈની દિકરી સુર્યબાળાનો જન્મ પાટડી મુકામે તા. ૨૦/૯/૧૯૪૬ ના રોજ થયેલ હોય જેઓને અમેરીકામા ગ્રીન કાર્ડ કઢાવવા માટે જન્મના દાખલાની જરૂરીયાત ઉભી થયેલ હોય પાટડી નગરપાલીકા પાસે જન્મ પ્રમાણપત્ર ની માંગણી કરતા જન્મ નોંધાયેલ ન હોય રેકર્ડ કીપરની કચેરી, ધ્રાંગધ્રાનાઓએ જન્મની નોંધણી થયેલ ન હોય લેખિતમા દાખલો આપેલ છે. જેથી અરજી મંજુર કરવા જણાવેલ છે.

૪) અરજદાર તરફે યુવરાજસિંહ હિમતસિંહ ઝાલા, રેકર્ડ કિપર ધ્રાંગધ્રાનો મૌખિક પુરાવો રજુ કરેલ છે જેમા સને ૧૯૪૬ નુ રજીસ્ટર ની ખરાઈ કરતા તા. ૨૦/૯/૧૯૪૬ ના રોજ સુર્યબાળા વિનોદચંદ્ર પટેલની જન્મની નોંધણી થયેલ નથી તેવુ જણાવેલ છે. જે જન્મના રજીસ્ટરનો ઉતારો આંક ૧૩ થી રજુ કરેલ છે.

૫) ઉપરોકત મૌખિક પુરાવો તથા અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો જોતા અરજદારના ભાઈની દિકરી સુર્યબાળા નુ લીવીંગ સર્ટી. આંક ૧૪ થી રજુ થયેલ છે જેમા તેઓની જન્મ તારીખ : ૨૦/૯/૧૯૪૬ તથા જન્મ સ્થળ પાટડી જણાવેલ છે. તેમજ પાસપોર્ટ તથા આધાર કાર્ડની નકલ રજુ

કરેલ છે જેમા પણ તેઓની જન્મ તારીખ : ૨૦/૯/૧૯૪૬ લખેલ છે. સુર્યબાળાના જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો કે તકરાર બાબતે જાહેર નોટીસ આપવા છતા કોઈ એ વાંધો કે તકરાર રજુ કરેલ નથી. જે જાહેર નોટીસ આંક ૮ થી રજુ કરેલ છે. જેથી અરજદારના ભાઈની દિકરીનો જન્મ પાટડીમા થયેલ હોવા છતા તેઓના જન્મની નોંધણી જન્મ મરણ રજીસ્ટરે કરવામા આવેલ નથી તેવુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી જણાઈ આવે છે. જેથી જન્મ મરણ અધિનીયમની કલમ ૧૩(૩) મુજબ જન્મ મરણ ની નોંધ કરવાની સતા હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**-:: હુકમ ::-**

૧. આથી હાલની અરજી મંજુર કરવામા આવે છે.

૨. જન્મ મરણ નોંધણી અધિકારી, પાટડી નગરપાલીકા નાઓએ જરૂરી લેટ ફી લઈ સુર્યબાળા વિનોદચંદ્ર પટેલ નો જન્મ તા. ૨૦/૯/૧૯૪૬ ના રોજ થયાની નોંધ કરવાનો હુકમ કરવામા આવે છે.

આજરોજ તારીખ ૨૫/૦૧/૨૦૨૩ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

સ્થળ : પાટડી

તારીખ : ૨૫/૦૧/૨૦૨૩

વી.એસ.ઠાકોર
(જજ કોડ : ૦૧૨૨૪)
જ્યુડી.મેજી.ફ.ક.
પાટડી